જન્મદિને વધામણી

મનોજ શુક્લ
મંત્રી, સંસ્કૃતિ
મો. ૯૮૨૫૮ ૭૯૫૨૯

નટવર હેડાઉ
સાહિત્યકાર, કોલમીસ્ટ
ગાંધીનગર સમાચાર
મો. ૮૯૮૦૦ ૨૯૨૧૨

બાબુલાલ એન પાનેલીયા
ટ્રસ્ટી, શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ
મો. ૯૮૨૫૦ ૧૩૭૫૬

મેહુલ પટેલ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૦ ૨૫૦૩૮

દિલીપસિંહ જશવંતસિંહ બ્રહ્મભટ્ટ
પ્રમુખ, ગાંધીનગર બ્રહ્મભટ્ટ સમાજ
મો. ૯૮૨૪૮ ૯૧૨૬૮

ગિરીશકુમાર ડાહ્યાલાલ ઉપાધ્યાય
મો. ૯૪૨૬૦ ૩૮૬૩૭

ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા એક દિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા. ૪

વિદ્યાર્થી માટે શાળાના અધ્યાપન કાર્યની સાથે-સાથે શૈક્ષણિક પ્રવાસ પણ એક અનિવાર્ય બાબત માનવામાં આવે છે અને આવા શૈક્ષણિક પ્રવાસથી જ બાળકમાં વિશિષ્ટ જ્ઞાનનો વધારો થાય છે. જેના ભાગરૂપે લેકાવાડા, ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા ધોરણ પાંચથી ૧૧ના વિદ્યાર્થીઓ માટે એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ ખાતે સ્થિત સાબરમતી આશ્રમ તથા સરદાર પટેલ રાષ્ટ્રીય મ્યુઝીયમ, શાહીબાગની મુલાકાત વિદ્યાર્થીઓએ લીધી હતી.

પ્રવાસ દરમ્યાન વિદ્યાર્થીઓએ સાબરમતી આશ્રમમાં ગાઈડ સાથે ફોટો ગૅલેરી, ચિત્ર પ્રદર્શન, હૃદયકુંજ, મગનલાલ નિવાસ સ્થાનની મુલાકાત લઈ ચરખો ચલાવવાની રીત પણ નિહાળી હતી. શાહીબાગ ખાતે સરદાર પટેલ રાષ્ટ્રીય મ્યુઝીયમની મુલાકાત લઈ ત્યાં પ્રદર્શિત ઉડી શોનો આનંદ પ્રાપ્ત કર્યો હતો. બંને સ્થાને વિદ્યાર્થીઓ આ બંને વિભૂતિઓનાં જીવન ચરિત્રોથી માહિતગાર થયા હતા અને તેમના સદગુણો જાણીને પ્રભાવિત પણ થયા હતા. પ્રવાસ દરમ્યાન સાંજનો નાસ્તો રીવરફ્રન્ટ ખાતે માણી ગાર્ડનમાં ફરવાની ને વિવિધ રાઈડ્સની મોજ લેવાનું પણ વિદ્યાર્થીઓ ચૂક્યા નહોતા. સમગ્ર પ્રવાસ દરમ્યાન વિદ્યાર્થીઓએ જ્ઞાન સાથે ગમ્મતનો લાભ મેળવ્યો હતો.

સરકારી પ્રાથમિક શાળા ખાતે રમતગમતનાં સાધનોનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૪

સરકારી પ્રાથમિક શાળા, સૅક્ટર:૨૯-૧ના મેદાન ખાતે આજે રમતગમતનાં સાધનોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર મહાનગર પાલિકાનાં મેયર હંસાબેન મોદી આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં, જેમના હસ્તે આ સાધનોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભાજપ યુવા મોરચાના પ્રમુખ પદમશી ચૌહાણ, ઉપપ્રમુખ બિપીન રાવલ, બક્ષીપંચ મોરચાના મહામંત્રી કાનજીભાઈ ઠાકોર, ઍસઍમસીનાં અધ્યક્ષ નશીમબાનુ તથા અન્ય સભ્યો, વાલીઓ, સીઆરસી પ્રકાશભાઈ ઉપસ્થિત રહ્યા હતા.

શાળાનાં આચાર્યા મીનાક્ષીબેન જોષી દ્વારા સ્વાગત પ્રવચન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે શિક્ષક શીતલબેન બારોટે આભારવિધા કરી હતી.

મનોરંજન

સિટી પ્લસ

સ્ક્રીન-૧
બાજીરાવ મસ્તાની
૧૨.૪૫, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૩
પોઈન્ટ બ્રેક (ડી હિન્દી)
૧૨.૧૫, ૨.૩૦, ૧૦.૦૦
પોઈન્ટ બ્રેક (ડી અંગ્રેજી)
૪.૪૫
સ્ટાર વૉર્સ (ડી અંગ્રેજી)
૭.૦૦

સ્ક્રીન-૪
દિલવાલે
૧૨.૪૫
હુતુતુતુ
૧૦.૦૦, ૪.૦૦, ૯.૩૦
છેલ્લો દિવસ
૬.૩૦

સ્ક્રીન-૫
બાજીરાવ મસ્તાની
સવારે ૧૦.૦૦, ૧૨.૪૫
દિલવાલે
૪.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૬
બાજીરાવ મસ્તાની
૧૨.૪૫
દિલવાલે
૭.૦૦
છેલ્લો દિવસ
૧૦.૦૦

સી ઍમ વિદ્યાલય દ્વારા વસ્ત્રદાન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૪

શિયાળાની કડકડતી ઠંડીમાં ઠૂંઠવાતા ગરીબ શ્રમજીવી બાળકો તેમજ મોટેરાઓને રાહત મળે તે હેતુથી ગાંધીનગરની શેઠ સી એમ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને પોતાના ઘરના તેમજ પાડોશમાં રહેતા નગરજનોપાસેથી ૧૬૦ જેટલાં વસ્ત્રો એકત્ર કરી સૅક્ટર-૨ ઉના ફૂટપાથ પાસેની ઝૂંપડપટ્ટીઓમાં રહેતા શ્રમજીવીઓને આપી ઉત્તમ સેવા બજાવી હતી. આ પુણ્ય કાર્યમાં શ્રેષ્ઠ શિક્ષકનો પુરસ્કાર મેળવનાર આચાર્ય બચુભાઈ પટેલ, ઉપાચાર્ય પ્રહલાદભાઈ ઍસ પટેલ તેમજ કૅમ્પસ ડિરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ સાથે શિક્ષકો ઉપરાંત વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા.

સી ઍમ સ્કૂલ દ્વારા વિદ્યાર્થી-વાલી મીટિંગ

ગાંધીનગર, તા. ૪

શેઠ સી ઍમ હાઈસ્કૂલ ઍન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલ ગાંધીનગરના બ્રહ્માણી કૃપા હૉલમાં ધોરણ-૧૦માં બધા જ વર્ગના પ્રથમ દસ ક્રમાંકે પાસ થનારા વિદ્યાર્થીઓના વાલીઓની મિટીંગ યોજવામાં આવી હતી, જેમાં ૯૭ જેટલા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વિદ્યાર્થીઓને વિષય પ્રમાણે પરીક્ષાલક્ષી માર્ગદર્શન, ગુણવત્તા સુધારણા માટે પ્રયત્નો વિષયે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પરીક્ષાનાં યોગ્ય સૂચનો અને વિગતવાર માહિતી આપી હતી. આચાર્ય બચુભઆઈ ક પટેલે તેજસ્વી તારલાઓને ઉજ્જવળ કારકિર્દી અંગે શુભેચ્છાઓ પાઠવી હતી. વાલીઓ પૈકી પારૂલબેન મહેરિયાએ માર્ગદર્શક માહિતી આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન એમ પી વડાલિયાએ કર્યું હતું. શ્રી એમ એલ અસારી, એસ પી દવેએ હાજરી આપી હતી. અતિથિ વિશેષ તરીકે હરીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સુપરવાઈઝર પ્રહલાદભાઈ પટેલે પ્રોત્સાહિત કર્યા હતા.

સોજા હાઈસ્કૂલ ખાતે કારકિર્દી માર્ગદર્શન સૅમિનાર

ગાંધીનગર, તા. ૪

કલોલ તાલુકાની લબ્ધપ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા શેઠ ઍચ ઍમ સાર્વજનિક હાઈસ્કૂલ, સોજાના પટાંગણમાં આજે કારકિર્દી માર્ગદર્શન સૅમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

બી ઍસ પટેલ પોલીટેકનીક કૉલેજ, ખેરવા અને ગણપત યુનિવર્સિટીના સહકારથી આયોજિત સદર સૅમિનારમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ-બહેનોને અનેકવિધ અભ્યાસક્રમો, કારકિર્દીનું આયોજન, વિવિધ અભ્યાસક્રમોની સરખામણી, કારકિર્દી ઘડતરમાં તેમનું પ્રદાન, ભાવિના નિર્માણમાં તેમનું સ્થાન વગેરે વિષય પરત્વેનું તલસ્પર્શી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ ઉપરાંત વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબ પણ નિષ્ણાતો દ્વારા સંતોષકારક રીતે આપવામાં આવ્યા હતા.

શાળાના ગણિત-વિજ્ઞાન શિક્ષક રાકેશ પ્રજાપતિ અને ગણપત યુનિવર્સિટીના માર્ગદર્શક મયુર સુથાર (કમ્પ્યુટર), કલ્પેશ પટેલ (મિકેનીકલ), અંકિત મોદી અને રાકેશ વારાએ બાળકોને ખૂબ જ ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. દૃશ્ય-શ્રાવ્ય સાધનો દ્વારા આકર્ષક અને ઉપયોગી માહિતીનું નિદર્શન-પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમ સુંદર, સહજ, અભિપ્રેરક, માર્ગદર્શક, અનુકરણીય, પ્રશંસનીય, સુચારુ બની રહ્યો હતો એમ હેડ માસ્ટર દ્વારા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

શ્રી સ્વામિનારાયણ સ્કૂલના ૯ વિદ્યાર્થીઓને એ-૧ ગ્રેડ

ગાંધીનગર, તા. ૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા જાહેર થયેલા ધોરણ-૧૨, સેમેસ્ટર-૩ના પરિણામમાં શ્રી સ્વામિનારાયણ હાયર સૅકન્ડરી સ્કૂલ, સૅક્ટર-૨ ઉના કુલ ૭ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે તેમજ ૨૧ વિદ્યાર્થીઓએ એ-૨ ગ્રેડ મેળવ્યો છે.

શ્રી સ્વામિનારાયણ ઈંગ્લિશ હાયર સૅકન્ડરી શાળાના કુલ બે વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ અને ૧ વિદ્યાર્થીએ એ-૨ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે.

આ વિદ્યાર્થીઓમાં પ્રજ્ઞેશકુમાર અમૃતભાઈ જાદવ, અર્પિતાબેન વિરેન્દ્રસિંહ પરમાર, હર્ષલ મનુભાઈ સક્સેના, મોહીલ કાર્તિકભાઈ પટેલ, ઉદીતકુમાર બિમલકુમાર રાવલ, ઉમંગ જગદીશભાઈ પટેલ, શિવાની યોગેશભાઈ જોષી, ચિરાગભાઉ નરેન્દ્રસિંહ ઝાલા તથા તીર્થ શૈલેષભાઈ પટેલનો સમાવેશ થાય છે. શાળાનું ગૌરવ વધારનારા આ સૌ વિદ્યાર્થીઓને સમગ્ર ગુરુકુળ પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

બાળકને એ જ કરવા દો જે એને ગમે છે

યુવાનોએ વ્યસનો કે મોબાઈલ ફોન, ઈન્ટરનેટ જેવી બાબતો કરતાં શારીરિક તંદુરસ્તી માટે વધુ સમય ને ધ્યાન આપવાની જરૂર છે

આજના યુવાનોએ વ્યસનો કે મોબાઈલ ફોન, ઈન્ટરનેટ જેવી બાબતો કરતાં શારીરિક તંદુરસ્તી માટે વધુ સમય ને ધ્યાન આપવાની જરૂર છે. જો તન મજબૂત રહેશે તો મન પણ મજબૂત રહેશે ને ધાર્યા ક્ષેત્રમાં પ્રગતિ પણ સાધી શકાશે.

આ શબ્દો છે લોકેશ્વરસિંહના. ગાંધીનગર સમાચારના વાચકોને લોકેશ્વરસિંહનું નામ યાદ હશે. ગાંધીનગરની સરકારી આર્ટ્સ કૉલેજનો એ વિદ્યાર્થી. ગત ઑગષ્ટ માસમાં વર્લ્ડ ટૅક્વોનડો ચૅમ્પિયનશીપમાં હાઈ જમ્પ કીક ઈવેન્ટમાં પ્રથમ સ્થાન સાથે ગોલ્ડ મૅડલ પ્રાપ્ત કરી જેણે વર્લ્ડ રૅકોર્ડ સ્થાપિત કર્યો છે એ ગાંધીનગરનો રહેવાસી યુવાન છે લોકેશ્વરસિંહ.

આ સ્પર્ધામાં કુલ ૬૨ દેશોના ૪૬૬૩ સ્પર્ધકોએ ભાગ લીધો હતો, જેમની વચ્ચે સ્પર્ધા કરીને લોકેશ્વરે આ સિદ્ધિ હાંસલ કરી હતી. એને સૅક્ટર-૨૧ જીમખાનાના કોચ કેતન રાવલ, દીપકુમારે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

મૂળ હરિયાણાના રેવડીનો એ વતની. ધોરણ-૧૨ સુધીનું શિક્ષણ એણે ગાંધીનગર કેન્દ્રીય વિદ્યાલય ખાતે મેળવ્યું ને પછી સરકારી વિનયન કૉલેજમાંથી બીએ પણ કર્યું.

એના પિતા રમેશચંદ્ર બીઍસઍફમાં સબ ઈન્સપૅક્ટર છે અને માતા પૂમન ગૃહિણી. નાનો ભાઈ દિલેરસિંહ ધોરણ-૧૦માં અભ્યાસ કરે છે અને બૅન્ક કર્મચારી છે. મોટી બહેન લગ્ન કરીને હૈદરાબાદ સૅટલ થઈ છે.

લોકેશ્વરસિંહે ટેક્વોનડોની તાલીમનો આરંભ ૨૦૦૪થી કર્યો, જ્યારે એ પાંચમા ધોરણમાં અભ્યાસ

આવો ચીલો ચાતરીએ
કુંતલ નિમાવત

કરતો હતો. ટેક્વોનડોમાં જ એણે ૨૦૦૯માં બ્લૅક બેલ્ટની ડિગ્રી પ્રાપ્ત કરી અને પછી આ જ રમતને પોતાની કેરિયર તરીકે પસંદ કરી લીધી. એણે પોતાની કરાટે ઈન્સ્ટીટ્યુટ શરૂ કરી અને અન્ય તાલીમાર્થીઓને તાલીમ આપવાનું શરૂ કર્યું. આમ કરવાથી એની પોતાની પ્રૅક્ટિસ પણ અકબંધ રહી અને આજીવિકા પણ મેળવી શકાઈ એમ બેવડો ફાયદો થયો. જેના કારણે પોતાની ફિલ્ડમાં વધુ ઊંડા ઉતરવાની તક એને સાંપડી. એ જ કારણથી પોતે વર્લ્ડ રૅકોર્ડ પણ કાયમ કરી શક્યો એમ એનું કહેવું છે.

નગરનાં બાળકોને માર્શલ આર્ટની તાલીમની સાથે લોકેશ્વર માર્શલ આર્ટનાં જાહેર પરફોર્મન્સીસ પણ આપતો રહે છે. છેલ્લા ગણેશ મહોત્સવમાં બ્લ્યૂ બબલ્સ ઍકેડેમી ઑફ આર્ટ્સ અને નહેરૂ યુવા કેન્દ્રના બૅનર તળે સૅક્ટર-૨૨ સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ આયોજિત ગણેશ મહોત્સવમાં અફલાતૂન પરફોર્મન્સ આપીને એણે પ્રેક્ષકોનાં દિલ જીતી લીધાં હતાં.

માર્શલ આર્ટ પણ એક કળા છે અને રસ હોય એ દરેક વ્યક્તિએ આ કળા શીખવી જોઈએ એવું એનું કહેવું છે. અલબત્ત, માર્શલ આર્ટ એ કોઈને મારવા માટે કે કોઈના ઉપર પ્રભાવ પાડવા માટે માટેની કલા છે એ બાબત ખોટી છે, એમ જણાવતાં એ ઉમેરે છે કે માર્શલ આર્ટ એ હકીકતે સ્વબચાવ અને બીજાઓને મદદ કરવા માટે ઉપયોગી છે.

પોતે આ સ્થાન સુધી પહોંચી શક્યો એનું પહેલું કારણ એ હતું કે પોતાને જે ગમતી પ્રવૃત્તિ હતી એને જ પોતે કેરિયરમાં કન્વર્ટ કરી અને બીજું કારણ એ હતું કે એને એના પરિવારજનોએ આમ કરવામાં પૂરતી સ્વતંત્રતા અને છૂટ આપી હતી.

આ જ કારણથી બાળકને પરાણે કલા ન શીખવવી જોઈએ એવો સંદેશ એણે સમાજને આપ્યો છે. એમને જે કંઈપણ ગમતું હોય એ કરવા દેવું જોઈએ. દુનિયાની દોડ ભલે ડિગ્રી માટે કે દાક્તરી અથવા ઈજનેરી વ્યવસાય માટેની હોય, પરંતુ બાળકને એ જ કરવા દેવું જોઈએ જે એને ગમે છે. એને એ જ કેરિયર પસંદ કરવા દેવી જોઈએ જે એને ગમે છે. માતાપિતાએ મુક્ત મને બાળક સાથે વાત કરીને એની મરજી જાણીને એને એના ગમતા ક્ષેત્રમાં આગળ વધવા માટે પ્રોત્સાહિત કરવો જોઈએ, સહાય કરવી જોઈએ એવી લાગણી લોકેશ્વરસિંહે વ્યક્ત કરી છે.

ડિવાઈન વિઝન ગૃપ દ્વારા વાર્ષિક દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૪

ડિવાઈન વિઝન ચિલ્ડ્રન ગૃપના ૫૦ જેટલા વિદ્યાર્થીઓ અને વાલીઓએ સૅક્ટર-૨૨ ડિવાઈસ સ્ક્વૅરમાં ઉત્સાહભેર વાર્ષિક દિનની ઉજવણી કરી હતી.

સૌથી નાની વયના બાળક મંત્ર સથવારાએ મુખ્ય અતિથિ તરીકે નવા પ્રૉજેક્ટનું ઉદ્‌ઘાટન કર્યું હતું અને ગૃપ લીડર નીરવ ગજ્જરે પોતાની બર્થ-ડે કેક કાપીને સૌનું મોં મીઠું કરાવ્યું હતું.

ગૃપના સંયોજક જયદીપભાઈ જોષીએ બાળ પ્રવૃત્તિઓનો મુખ્ય હેતુ સમજાવી ગૃપની ગત વર્ષની વિવિધ પ્રવૃત્તિઓનું વિડીયો પ્રેઝન્ટેશન પ્રસ્તુત કર્યું હતું.

ગૃપનાં બાળકોએ રજૂ કરેલ ડાન્સ, સંગીત નિહાળી અગ્રણી શિક્ષક કિરીટભાઈ પટેલે બાળકોની આ પ્રવૃત્તિને બિરદાવી હતી અને પોતાનો સર્વાંગી વિકાસ સાધવા વિવિધ રમતગમત પ્રવૃત્તિઓમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરી આશીર્વાદ પાઠવ્યા હતા.